વાગ્યો રે ઢોલ... નગરમાં ચૂંટણીનો વાગ્યો રે ઢોલ...

ગાંધીનગર મનપા માટે ચૂંટણી પંચે તૈયારીઓને લગભગ આખરી ઓપ આપી દીધો

મહાનગરનો મહાજંગ

ગુજરાત આખુ ચૂંટણીઓથી પરવાર્યું... ત્યારે ગાંધીનગરમાં ચૂંટણીના ઢોલ વાગવા માંડ્યા છે. મહાનગરપાલિકાની ચૂંટણી આગામી મહિનાની ૧૮ મી કે ૨૫ મી એપ્રિલે યોજાશે તેવા અનુમાનો છે. જો કે પ્રાપ્ત માહિતી મુજબ ૨૫ એપ્રિલે જ યોજાશે અને ૭ મી મે પહેલાં ગાંધીનગરને નવા મેયર મળશે. ૨૦૧૧ અને ૨૦૧૬ ની ચૂંટણીઓ જીતી કોંગ્રેસ અને સત્તા મેળવી ભાજપે. આમા ગુજરાતમાં ભાજપનો વાવટો ફરક્યો તો...પરંતુ પાટનગરમાં 'સોનાની થાળીમાં લોઢાની મેખ'ની જેમ ભાજપનો પનો ટુંકો પડ્યો હતો... જો કે તોડફોડ કરીને સત્તા તો ભાજપ પાસે જ રહી હતી..! ત્યારબાદ સાબરમતીમાં ઘણા પાણી વહી ગયા છે. સમીકરણો બદલાયા છે... સુત્રધારો બદલાયા છે... અને સામાજીક માનસિકતા પણ બદલાઈ છે. અત્યારે તો તંત્ર અને રાજકીય પક્ષો ચૂંટણી માટે તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. ચૂંટણી પંચે નવા વોર્ડ સીમાંકનને આખરી ઓપ આપી જાહેરાત પણ કરી દીધી છે. મતદારયાદીઓ પણ પ્રસિદ્ધ કરી દીધી છે. બસ હવે તો જેવું સરકારનું સીગ્નલ પડે તેવી ચૂંટણીની વિધિવત જાહેરાત કરાશે. જો કે એનું ચોઘડીયુ ૨૦ થી ૨૨ માર્ચની વચ્ચે બેસે છે, કારણ કે ૧૫ થી ૧૯ માર્ચ દરમ્યાન અનેક ભૂમિપૂજનો અને લોકાર્પણો થઈ રહી છે. એટલે આગામી અઠવાડીયે ગાંધીનગરમાં ધમધમાટ રહેશે. અંડરપાસ... ઓવરફ્લાય જેવી અનેક સુવિધાઓ વિકાસ પર્વની ઉજવણીના માધ્યમથી ઉમેરાશે. પણ આ યુગોથી ચાલતુ આવ્યુ છે ને ચાલતુ રહેશે. પરીક્ષાના આગળના દિવસે ઉજાગરા કરવાની ટેવ આપણી સામાજીક પરંપરા છે એમ છેલ્લી ઘડીએ લોકાર્પણ અને ભૂમિપૂજન રાજકીય પરંપરા છે.

ઠીક આ બધું તો કર્મકાંડ છે આપણને તો રસ છે રાજકારણના આટાપાટામાં. અત્યારે તો ૪૪ બેઠકો માટે ૬૦૦ અગ્રણીઓને સત્તાના સપના આવવા લાગ્યા છે. દાવેદારીના ચોગઠા ગોઠવાય છે, બન્ને પક્ષે "ગોડફાધરો"ના ત્યાં આંટાફેરા વધ્યા છે. માની લઈએ કે એક બેઠક પર ૫-૫ ની દાવેદારી ચાલે છે, કોને ટીકીટ મળે એના કરતાં કોને ટીકીટ નહીં મળે તેની ચર્ચાઓ જોરશોરથી ચાલે છે. વૉર્ડ સીમાંકન, જ્ઞાતિ સમીકરણો દસ છેલ્લી ઘડી સુધી રહે તો ૨૦૦-૨૫૦ "ઝભ્ભા" ઓછામાં ઓછા નવા સીવડાવવા પડશે. અત્યારે તો ત્રણેય પક્ષોમાં મંથન ચાલે છે. ભાજપમાં પાડી દેવાની તૈયારીઓ કોણ કોનું સાંભળશે એ પણ ખબર નથી..!! કોંગ્રેસ સંગઠનનું એક વગદાર જુથ 'આમ આદમી પાર્ટી'ના દરવાજે ઉભુ છે. તો બીજી તરફ કોંગ્રેસના ૨ વગદાર નગરસેવકો ભાજપમાં સામેલ થવા તલપાપડ છે. એમના 'ગોડફાધરો' ભલે સરકારને મુંઝવતા સવાલો પુછતા હોય પણ લક્ષ્ય નિશ્ચિત છે અને તે માત્ર સત્તા છે !! એટલે આમ ગાંધીનગર નગરનું ભાવિ ધુંધળુ હોવા છતાંય ચૂંટણી લડવાના ઉમેદવારોમાં લાઈન તો લાગી જ છે. અહીંયા પણ કાપાકાપી છે, અહીંનો જુથવાદ પણ વખણાય છે પણ "ભાગ્યું ભાગ્યું તોય ભરૂચ"ની માફક કોંગ્રેસમાં ઉમેદવારી માટે પણ લાઈન તો લાંબી જ છે. કારણ કે ત્રણ વોર્ડ કોંગ્રેસ માટે તો સંપૂર્ણ સલામત છે અને ૩ માં જ મહેનત કરવાની છે. એટલે સત્તાની સુગંધ તો કોંગ્રેસના નાક સુધી પહોંચી છે,

હવે રહી 'આમ આદમી પાર્ટી'ની વાત. ૪૪ માંથી ૧૫-૨૦ ઉમેદવારો પાકા કરીને બેઠી છે 'આમ આદમી' પાર્ટી કેટલાક વરસના કામો... આવા જાતજાતના મુદ્દાઓ ઉપર ચર્ચાઓનો ધમધમાટ છે. જ્યારે કોંગ્રેસ તો જાણે અસ્તિત્વ માટે લડી રહી હોય તેમ લાગે છે. કોણ કોને સાચવશે ખબર જ નથી... વરંડા ઉપર છે, જ્યારે કેટલાંક બન્ને પક્ષોના દાઝેલા-દુભાયેલા આવશે એની પણ રાહ જોવાય છે. પણ સુરતના પરિણામો બાદ 'આપ'ના કાર્યકરોમાં જુસ્સો વધુ દેખાય છે. એમને તો મળ્યુ એટલો નફો જ છે. ગુમાવવાનું કંઈ છે જ નહિ, એટલે જોમ જુસ્સા સાથે મહાજંગમાં જુકાવશે એ સ્પષ્ટ દેખાય છે. અને હા..! શહેરના કેટલાક નાગરિકો પણ 'આપ'ના માટે કુણી લાગણી ધરાવે છે એવી માહિતી પણ રાજકીય કુંડાળાઓમાં ચર્ચાય છે.

આ છે મહાનગરના મહાજંગનુ સંજય દૃષ્ટિનું શબ્દ ચિત્ર..! આ વખતનો જંગ રસપ્રદ અને રોમાંચક હશે એવી આગાહી કરવામાં સહેજ પણ વધારે પડતું નથી..! ત્રણેય પક્ષો સેનાઓ ગોઠવાઈ રહી છે... સેનાપતિઓ મેદાનમાં આવવા મુગટો સજાવી રહ્યા છે. કોને કોને હાથમાં લેવા અને કોને કોને પટાવવા એની પ્રાથમિક યાદીઓ પણ તૈયાર થઈ ગઈ છે..!! આવનારા દિવસો મહાનગર માટે ઉત્તેજનાપૂર્ણ રહેશે. કોણ કઈ ચાલ ક્યાં ચાલશે..?! તેનો અણસાર આજે પણ છે અને આવતીકાલે પણ રહેશે..!! સમય-સમયનું કામ કરશે... એ જ પરિણામોના પરિમાણો નિર્માણ કરશે..!!

કોંગ્રેસ વેરવિખેર છે છતાંય લડવામાં લાઈન છે : કેટલાક ભાજપના દરવાજે ઉભા છે

આમ આદમી પાર્ટીને લડવું છે પણ હજુ કેટલાંક માથાઓની રાહ જોઈ રહ્યા છે

ભાજપમાં કોને ટીકીટ મળશે એના કરતાં કોને ટીકીટ નહીં મળે એની ચર્ચાનો મહિમા મોટો છે

ગાંધીનગર જિલ્લા પંચાયતને ૧૭મીએ નવા પ્રમુખ મળશે

ત્રણેય તાલુકા પંચાયતોમાં પણ ૧૭મીએ નવા પ્રમુખો મળશે : માણસા-દહેગામમાં ભાજપ તો કોંગ્રેસ કલોલમાં પ્રમુખ બનાવશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા પ્રમુખની વરણી ૧૭મી માર્ચે મળનારી પંચાયતની પ્રથમ બેઠકમાં થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા નવા ચૂંટાઈને આવેલા સભ્યોને આ પ્રથમ સભા અંગેની નોટીસ પણ પાઠવી દેવામાં આવી છે.

જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક ૧૭મીએ સવારે ૧૧ વાગે પંચાયતના સરદાર હોલ ખાતે મળશે.

પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા જ આ બેઠકમાં હાથ ધરવામાં આવશે. આ માટે ૧૬મીએ બપોરે બે વાગ્યા સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. એજ દિવસે સાંજે હરિફ ઉમેદવારોની યાદી અને ચકાસણી પણ સંપન્ન કરી દેવામાં આવશે.

૧૭મી માર્ચના રોજ ત્રણ તાલુકા પંચાયતો દહેગામ-માણસા અને કલોલની પણ પ્રથમ બેઠકો યોજવામાં આવશે. આ માટે ચૂંટણીનો કાર્યક્રમ પણ જાહેર કરાયો છે.

દહેગામ તાલુકા પંચાયતની બેઠક ગાંધીનગર પ્રાંત અધિકારી ભોરણીયા, કલોલ તાલુકા પંચાયતની બેઠક કલોલ પ્રાંત અધિકારી જોશી તેમજ માણસા તાલુકા પંચાયતની બેઠક જમીન સુધારણાના નાયબ કલેકટર ઝાલાના અધ્યક્ષપદે મળશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બે દાયકા બાદ ભાજપે

● અનુસંધાન પાન-૭ પર

લીમડે આવ્યા મ્હોર... ઉનાળામાં શિતળ છાયા આપતો લીમડો ખૂબ ગુણકારી છે. લીમડાના પાન અને તેના મ્હોરનો રસ ચૈત્ર મહિનામાં પીવામાં આવે છે. દસેક દિવસ સુધી તેનો રસ પીવામાં આને તો આખું વર્ષ તાવ આવતો નથી અને શરીર નિરોગી રહે છે. હવે થોડાક દિવસોમાં ચૈત્ર મહિનો શરૂ થશે. ચૈત્ર મહિનો નજીક આવતા લીમડાને મ્હોર આવવા માંડયા છે. કુણાં કુણાં લીમડાના મ્હોરથી લીમડાની શોભા વધી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ દ્વારા શહેરમાં લોકાર્પણના કાર્યક્રમો યોજવા મનપાની તૈયારીઓ

શહેરના પ્રવેશ દ્વાર પાસે ધ્વજનું લોકાર્પણ, બગીચાઓના લોકાર્પણ કાર્યક્રમો યોજાઈ શકે છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૧૧મી અથવા ૧૨ મીએ લોકાર્પણના કાર્યક્રમો યોજવાને લઈ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહ ૧૧મીએ અમદાવાદ આવી રહ્યા હોવાથી તેમની પાસેથી લોકાર્પણ માટેનો સમય ફાળવવા જણાવતાં તેમણે સ્વીકાર કર્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની નવી કચેરીનું લોકાર્પણ, શહેરના પ્રવેશ દ્વાર પાસે ધ્વજનું લોકાર્પણ, સે. ૮, ૪, ૧૯ ના બગીચાઓના લોકાર્પણ કાર્યક્રમો તેમની આ મુલાકાત દરમ્યાન યોજાઈ શકે છે. જો કે મનપા દ્વારા હજુ આ લોકાર્પણના સત્તાવાર કાર્યક્રમોની ઘોષણા કરવામાં આવી નથી.

મનપાના બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અંદાજે રૂ. ૨૫૦ કરોડના કામોનું લોકાર્પણ થાય તે રીતે હાલ તો તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

કોરોના કાળમાં ઘર વપરાશના ૩,૬૭,૫૦૭ વીજ ગ્રાહકોને રૂ. ૧૧૯૩.૧૯ લાખની રાહત આપવામાં આવી છે

સચિવાલયમાં સૌર ઊર્જા આધારિત પરિવહન વ્યવસ્થા પ્રાયોગિક હતી : બેટરીની લાઈફ પૂર્ણ થતાં આ વ્યવસ્થા હટાવી લેવાઈ છે : ઉર્જામંત્રી

ગાંધીનગર, તા. ૯

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં નાણાં, માર્ગ-મકાન, આરોગ્ય-પરિવાર કલ્યાણ, પાટનગર યોજના, ઊર્જા અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. આજની આ પ્રશ્નોત્તરીમાં ગાંધીનગર જિલ્લાને લગતા ૧૫ જેટલા પ્રશ્નો રજુ થયા હતા. જે ચાલુ અંદાજપત્ર સત્ર દરમ્યાન સૌથી વધુ પ્રશ્નો હતા.

પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન વિપક્ષ અને સત્તાધારી પક્ષ વચ્ચે થોડીક શાબ્દીક ટપાટપી જોવા મળી હતી.



વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

● **ડેઝીગ્નેટેડ હોસ્પિટલ**

કોંગીના સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં કોરોનાની મહામારી અંતર્ગત ડેઝીગ્નેટેડ હોસ્પિટલો કરાઈ તેવા પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ત્રણ ખાનગી ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કરવામાં આવેલ હતી.

ગોએન્કા હોસ્પિટલમાં ૩૬ બેડ, એસ.એચ.એસ. હોસ્પિટલ ૫૦ બેડ, આશ્કા હોસ્પિટલ ૨૫ બેડ હતી.

આ હોસ્પિટલોને ૩૧-૧૨-૨૦-ની સ્થિતિએ ગોએન્કાને ૩૧,૭૩,૨૨૦ રૂ., એસ.એચ.એસ. હોસ્પિટલને રૂ. ૫૩,૮૯,૭૪૦ અને આશ્કા હોસ્પિટલને રૂ. ૩૨,૦૦,૦૦૦ની રકમ ચુકવી આપવામાં આવી છે. જે રકમ ચુકવવાની બાકી છે તે તપાસ કરી જિલ્લામાંથી આ અંગેનો અહેવાલ મળ્યા બાદ નિયમાનુસાર ચકાસણી કરી ચુકવવાપાત્ર રકમની ચુકવણી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

● **વીજ બિલમાં રાહત**

ભાજપના રાકેશ શાહ, આશાબેન પટેલ, બલરાજસિંહ ચૌહાણ, શંભુજી ઠાકોર, રાજેન્દ્રસિંહ ચાવડા, હિતુ કનોડિયાએ ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લાના ઘરવપરાશના વીજ ગ્રાહકોના વીજબિલમાં અપાયેલ રાહત બાબતે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૩,૬૭,૫૦૭ ઘર વપરાશના વીજગ્રાહકોને રૂ. ૧૧૯૩,૧૯ લાખની વીજબિલમાં રાહત આપવામાં આવેલ છે.

● **લીફ્ટમેન પુરા પાડવા અંગે**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ નવા સચિવાલય બિલ્ડીંગમાં લીફ્ટમેન પુરા પાડવા બાબતે તા. ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કઈ એજન્સીને ક્યારે કેટલા સમય માટે કામગીરી સોંપાઈ તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે મે. ઉદય અનિલભાઈ મહેતાને તા. ૨૪-૨-૨૦ના રોજ એક વર્ષ માટે તથા મે. બી.પી. રાવલને તથા મે. શિવમ રેફ્રીજરેશનને ૧૭-૬-૧૯ના રોજ એક વર્ષ માટે લીફ્ટમેન પુરા પાડવા માટે જણાવેલ. કોરોનાના પ્રવર્તમાન સંજોગોને કારણે ૧ વર્ષ માટે સમય મર્યાદા લંબાવવામાં આવેલ છે.

મે. ઉદય અનિલભાઈ મહેતાને માસિક રૂ. ૧૨૨૯૨.૪૮ પ્રતિ લીફ્ટમેન, મે. બી.પી. રાવલને માસિક રૂ. ૧૨,૪૪૪.૯૦ પ્રતિ લીફ્ટમેન દીઠ અને મે. શિવમ રેફ્રીજેશનને માસિક રૂ. ૧૨,૪૨૭.૫૩ પ્રતિ લીફ્ટમેન દીઠ ચુકવવામાં આવે છે.

આ એજન્સીઓ અંગે સરકારને એક ફરિયાદ મળી છે અને જે અંગે તપાસ કરતાં તેમાં તથ્ય જણાયેલ નહિ હોવાનું નાયબ મુખ્યમંત્રીએ લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

● **સચિવાલયમાં સૌર ઉર્જા આધારિત પરિવહન વ્યવસ્થા**

ધંધુકાના રાજેશકુમાર ગોહિલે સપ્ટેમ્બર-૨૦૧૫માં નવા સચિવાલય સંકુલમાં સૌર ઊર્જા આધારિત પરિવહન વ્યવસ્થા જે કરાઈ હતી તેની ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ શું હકીકત છે તે જાણવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યુ હતુ કે હા પણ આ વ્યવસ્થા માત્ર પ્રાયોગિક ધોરણે હતી.

● અનુસંધાન પાન-૭ પર

૪૪૯ કર્મચારીઓ-અધિકારીઓએ સરકારી આવાસ નિવૃત્તિ બાદ પરત આપ્યા નથી : બે વર્ષમાં જિલ્લાના ૮૮૧ ઔદ્યોગિક એકમોને રૂ. ૨૦૪૧.૧૪ લાખની વીજશુલ્કમાં માફી આપવામાં આવી છે

શિવરાત્રી નિમિત્તે પંચદેવ મંદિરે પ્રથમવાર મેળો યોજાશે નહી

ગાંધીનગર તા ૯

આગામી શિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણીને અનુલક્ષી ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભોળાનાથના ભકિત રસમાં ભીંજાવવા માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. નગરના શિવમંદિરોમાં પણ રોશની અને શણગાર સાથે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે. શિવમંદિરો ઓમ નમ : શિવાય અને બમ બમ ભોલેનો જયઘોષથી ગુંજી ઉઠશે. જયારે ભોળાનાથના આર્શીવાદ મેળવવા માટે શિવલીંગ પર દુધ અને જળનો અભિષેક કરવા માટે પણ ભાવિકોની ભીડ જામશે. જો કે કોરોનાના કપરા કાળમાં સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોનુ પાલન કરવામાં આવે તે માટે અન્ય આયોજનોમાં પુરતી તકેદારી રાખવા માટે પણ ભાવિકો સજાગ છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી ધાર્મિસ અને સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપર બ્રેક વાગી ગઈ છે. દરવર્ષે શિવરાત્રી નિમિત્તે નગરના પંચદેવ મંદિર ખાતે ભવ્ય મેળાનુ આયોજન કરવામાં આવે છે. જેમાં ગાંધીનગર તેમજ આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો પરિવારજનો સાથે આવી દર્શન સાથે મેળાનો પણ આનંદ લે છે. પરંતુ કોરોનાના કપરા સમયમાં આ આયોજન શકય નથી. નાગિરાકોની સલામતીને ધ્યાનમાં રાખી મેળાનુ આયોજન કરવામાં આવશે નહીં. કોરાનાના વધતા સંક્રમણને અનુલક્ષી શિવરાત્રિ નિમિત્તે મેળો યોજવામાં આવશે નહીં. ગત વર્ષે પણ કોરોનાના આગમન પુર્વે શિવરાત્રી મહોત્સવ ઉજવામાં આવ્યો હતો ત્યારે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે મેળાનુ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. પરંતુ આ વર્ષે સમય સંજોગોને ધ્યાને લઈ પ્રથમવાર મંદિર પરિસર નજીક મેળાનુ આયોજન કરવામાં આવશે નહીં તેમ પણ મંદિર ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ જણાંવ્યુ છે.

સે-૨૧ શાકમાર્કેટ વિસ્તારમાં નવી ગટર લાઈન તેમજ રસ્તાનુ કામ હાથ ધરાશે

વેપારીઓની રજુઆતને ધ્યાને લઇ સ્ટોર્મ વોટર અને ગટર લાઇનની કામગીરી બાદ માર્ગ સુધારણાનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૯

શહેરના સે-૨૧ માં છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની ફરિયાદો વધતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. શાકમાર્કેટ વિસ્તારમાં પણ દાયકાઓ જુની લાઇનના લીધે ગટરનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. આ સ્થિતિને ધ્યાને લઇ તંત્ર દ્વારા આ વિસ્તારમાં નવી લાઇન નાંખવા માટે આયોજન કરાયુ છે. જેમાં જુની ૧૫૦ ડાયામીટરની લાઇન બદલીને નવી ૪૫૦ ની લાઇન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે જેથી આ પુર્વે હાલ સ્ટોર્મ વોટર લાઇન તેમજ ગટર લાઇનને યોગ્ય કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે.

શહેરમાં વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદો ઉભી થવા પામે છે. સેકટરોમાં આ સમસ્યા જટીલ બની છે. જયારે શહેરના જાહેર સ્થળો ઉપર પણ ગટરના દુષિત પાણી ફરી વળતા હોવાના દ્રશ્યો જોવા મળે છે. સે-૨૧ શાકમાર્કટે વિસ્તારમાં પણ છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા વધી ગઇ છે. શાકમાર્કેટ વિસ્તારમાં દાયકાઓ જુની ગટર લાઇન છે. જયારે માત્ર ૧૫૦ ડાયામીટરની લાઇન સક્ષમ ન હોવાના લીધે લાઇન વારંવાર ચોક અપ થઇ જાય છે. સ્ટોર્મ વોટર

● અનુસંધાન પાન-૭ પર

સ્માર્ટ સીટીમાં ગંદકીથી ખદબદતા ભયાનક દ્રશ્યો : સ્થાનિકોને ગુંગળામણ

સે-૨૫ ગરીબોની આવાસ યોજના પાસેનો વિસ્તાર ગંદકીમાં ગરકાવ : તંત્રને રજુઆત છતા કોઇ પગલા લેવાતા નથી : ગટર લાઇન તુટવાના લીધે દુષિત પાણીનુ તળાવ ઉભરાયુ છે

ગાંધીનગર તા ૯

શહેરના સે-૨૫ જી આઇ ડી સી વિસ્તારમાં ગરીબો માટે નિર્માણ કરાયેલી આવાસ યોજના પાસે ગટરના દુષિત પાણીનો ભરાવો થયો છે. સ્થાનિકો પણ અસહ્ય દુર્ગંધ વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. ગટર લાઇન તુટવાના લીધે સમસ્યા સર્જાઇ છે. દુષિત પાણીનુ તળાવ ભરાયુ છે. જેના લીધે નજીકમાં સ્થિત ગૌશાળા અને આશ્રમમાં આવતા ભાવિકો પણ પરેશાન છે. આ સમસ્યા નિવારવા માટે ત્વરિત કામગીરી હાથ ધરાય તેવી રજુઆત પણ કરવામાં આવી છે.

સે-૨૫ માં જી આઇ ડી સી ની કમ્પાઉન્ડ વોલની પાછળ સ્થિત ગરીબોની આવાસ યોજનાને અનુલક્ષી શૌચાલય બાંધવામાં આવ્યા છે. જયારે આ શૌચાલયની ગટર લાઇન લાંબા સમયથી તુટેલી હાલતમાં છે. જેના લીધે આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયતી દુષિત પાણીનુ તળાવ ઉભરાય છે. આ સ્થિતિ વચ્ચે અસહ્ય દુર્ગંધ અને ગંદકીના લીધે સ્થાનિકોનુ આરોગ્ય પણ જોખમાયુ છે. આ દુષિત જગ્યાની બાજુમાં ગૌશાળા અને આશ્રમ સ્થિત છે. જેના લીધે આવતા ભાવિકો પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે.



● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં કોરોનાના ૧૪ કેસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના કેસો વધીને ૧૪ થયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૮ અને શહેરમાં વધુ ૬ કેસનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધી રહ્યા છે એટલે તંત્રની ચિંતા વધી છે. દરમ્યાન દહેગામ નગરપાલિકાનો કર્મયોગી જે કોરોનાની સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ હતો તેનું મોડી રાત્રે દુઃખદ અવસાન થયુ છે. જો કે મૃત્યુને લઈ તંત્રે આજે પણ ચૂપકીદી જ સાધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૮ કેસમાં પાંચ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા ૮ કેસમાં એક મહિલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૮ કેસમાં ૭ કેસ ગાંધીનગર તાલુકાના છે જ્યારે એક કેસ કલોલ તાલુકામાં નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં કોરોના એ ખોપ બની વિસ્તરી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી

● અનુસંધાન પાન-૭ પર

કુડાસણના એક પરિવારના ૪ સભ્યો કોરોનામાં સપડાયા : રાંદેસણમાં બે કેસ અને અડાલજમાં એક કેસ : કલોલમાં પણ એક કેસ નોધાયો : દહેગામના દર્દીનું સારવાર દરમ્યાન મોત : શહેરમાં સે. ૬, ૮, ૧૪, ૧૬, ૨૩ અને ૨૭ માંથી કેસ મળી આવ્યા : સર્વેલન્સ, ટેસ્ટીંગ અને ટ્રેસીંગ વધારવા તાકીદ : ૧૧ ને ડિસ્ચાર્જ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com